# પ્રકરણ ૨ :

# ‘સાત પગલાં આકાશમાં ’ - ગુજરાતી નવલકથામાં નારી છબીનો અભ્યાસ

# પ્રકરણ ૨ : 'સાત પગલાં આકાશમાં ' - ગુજરાતી નવલકથામાં નારી છબીનો અભ્યાસ

'સાત પગલાં આકાશમાં ' કુન્દનિકા કાપડિયા લિખિત ગુજરાતી નવલકથા છે. જેની પ્રથમ આવૃત્તિ જાન્યુઆરી, ૧૯૮૪ માં પ્રકાશિત થઈ. આ ઉપરાંત, તેમણે 'પરોઢ થતાં પહેલા' અને 'અગન પિપાસા' નવલકથાઓ લખી છે. તેઓએ લેખ, વાર્તા તેમજ અનુવાદ ક્ષેત્રે પણ કાર્ય કર્યું છે. 'સાત પગલાં આકાશમાં' ૧૯૮૨માં જુલાઇથી શરૂ થઈ ૪૦ અઠવાડિયા સુધી 'જન્મભૂમિ પ્રવાસી'માં ધારાવાહીરૂપે પ્રકાશિત થઈ. ખૂબ જ લોકપ્રિય અને લોકચર્ચિત આ નવલકથાની ૨૦૧૪ સુધીમાં સત્તર આવૃત્તિ પ્રકાશિત થઈ છે. સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત આ નવલકથા નારીકેન્દ્રી નવલકથા છે. આ નવલકથામાં આવતા નારીપાત્રોની નારીછબીનો અભ્યાસ કરવાનો ઉપક્રમ છે .

## ૨.૧ કથાવસ્તુ:

વસુધાનું મુખ્ય નારી પાત્ર તેમજ અન્ય ઘણાં બધા નારીપાત્રોની કથાનો ચિતાર આપતી આ નવલકથાની શરૂઆતમાં જ 'કારાગારથી કૈલાસ સુધી ' શીર્ષક ધરાવતી લાંબી (લગભગ ૪૪ પૃષ્ઠઃ જુલાઇ, ૨૦૦૦ આવૃત્તિ) પ્રસ્તાવના છે. નારીના સામાજિક, રાજકીય, ધાર્મિક, વ્યવસાયિક, કૌટુંબિક, શારીરિક અને વૈયક્તિક એવા જીવનનાં તમામ પાસાઓમાં સ્ત્રીની દ્વૈતિકતા કે નિમ્નતાભર્યા વ્યવહારને રજૂ કરતી દીર્ઘ પ્રસ્તાવના વાંચવાની ભલામણ લેખિકા પહેલાં જ કરે છે.

વસુધાના વ્યોમેશ સાથે ૧૮ વર્ષની વયે લગ્ન થાય છે. ફૈબા, વ્યોમેશ અને એ પોતે એમ ત્રણ સભ્યોનું નાનું કુટુંબ ધરાવતી વસુધાને ડગલે ને પગલે ફૈબા અને વ્યોમેશ નાં વ્યવહાર-વર્તનથી રોજિંદા પ્રશ્નો ઉઠે છે. વ્યોમેશ પુરુષસત્તાક વિચારણા ધરાવતા પાત્રનું પ્રતીક છે. જ્યારે વ્યોમેશનાં ફૈબા, જે મા તરીકે વ્યોમેશને ઉછેરે છે તે પુત્રવધૂ આવતાં પોતાનું સામ્રાજ્ય ન છીનવાય જાય તે માટે વસુધા પર સત્તા જમાવે છે. આમ, ફૈબા પણ પુરુષસત્તાક માનસ ધરાવતી સ્ત્રીનું પ્રતિક છે.

માત્ર ઘરનાં કામકાજ અને સામાજિક વ્યવહારમાં નિપુણતાની અપેક્ષા રાખતા ફૈબાને વસુધા અગાશીમાં બેસે, પુસ્તકો વાંચે કે કોફીમાં મલાઈ નાખીને પીવે તેની સામે વાંધો છે. પોતે જેમ ઈચ્છે છે એ રીતે નાં જીવી શકતી વસુધાને રોજેરોજ નાનીથી લઈને મોટી વાતમાં પોતાની સાથેનાં વ્યવહારથી પ્રશ્નો તો ઉઠે છે, પણ માત્ર ડરને કારણે તે પતિ વ્યોમેશ કે સાસુનું સ્થાન ધરાવતા ફૈબા સામે વિરોધ કરતી શકતી નથી. આખરે, ત્રણ પુત્રોને પુત્રવધુઓના આગમન બાદ 'સ્વતંત્ર જીવવું છે' એવી નક્કી કરતી વસુધા લગ્નના ૩૫ વર્ષ પછી ગૃહત્યાગ કરે છે અને આનંદગ્રામમાં જઈને વસે છે.

આનંદગ્રામ એ પોતાના જેવી જ વિચારસરણી ધરાવતાં, કોઈ પર આધિપત્ય ન સ્થાપી સ્વતંત્ર રીતે જીવવા માંગતા અન્ય સ્ત્રી અને પુરુષ પાત્રોએ સર્જેલું નાનું અને આદર્શ સમૂહ વસાહત છે. જ્યાં, એના, ઈશા, આભા, અગ્નિવેશ, જયાબહેન, ગગનેન્દ્ર , વિનોદ, સ્વરૂપ, આદિત્ય, સુમિત્રા, જરૂલ અને 'અ' રહેતા હતા. આ દરેકનાં જીવનનો પુર્વાર્ધ અલગ-અલગ રહેતો હતો. દરેક સ્ત્રીપાત્રોને અન્યાય, અસંતોષ, કે વિદ્રોહની અલગ-અલગ કથા હતી. તેથી જ્યાં વારાફરતી વારા પ્રમાણે રસોઈ કરી શકાય. કલા કે અન્ય મનગમતી પ્રવૃત્તિ કરી શકાય. તેમજ પ્રકૃતિનાં સાનિધ્યમાં જીવનના ઉદ્દાત તત્ત્વો વિશે વિચારી શકાય તે હેતુથી આનંદગ્રામમાં બધા ભેગા મળીને રહેતાં.

આ ઉપરાંત, વસુધાના શરૂઆતનાં જીવનમાં પાડોશી તેમજ આસપાસનાં સમાજમાં થતાં નારીશોષણનાં કિસ્સાઓમાં પણ ઘણાં સ્ત્રીપાત્રોનો સમાવેશ થાય છે. જેમાં રંજના, શોભા, લલિતા, નલિની, લીના, વાસંતી, ઈલા તેમજ સુમિત્રાના જીવનની કથાઓ છે. એના પણ તેના જીવન તરફ નજર નાખે છે ત્યારે બેલા, અમલા, વન્યા, અનીતા, વિમળાબેન, ટ્રેસી અને કૈલાસ જેવા જીવનના વિભિન્ન મુકામે મળેલા પાત્રો વિશે વિચારે છે.

આમ, આ નવલકથામાં મુખ્યત્વે વસુધાના જીવનને લગતા પ્રશ્નો તેમજ અન્ય ઘણાં બધાં ગૌણ પાત્રોના જીવનમાં સ્ત્રીના અસ્તિત્ત્વ અને વૈયક્તિતાને લાગતાં પ્રશ્નોને ગૂંથતી આ કથા છે. પ્રસ્તાવનામાં લેખિકા સ્વીકારે છે તેમ તેમની આસપાસના અવલોકનથી મળેલા અનુભવોનું વિવિધ પાત્રો દ્વારા અહી દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. આમ તે એક દસ્તાવેજીકથા પણ બને છે.

આ પ્રકરણમાં વસુધાનું મુખ્ય નારીપાત્ર અને અન્ય ગૌણ પાત્રોની નારી છબીનો અભ્યાસ કરવાનો ઉપક્રમ છે.

## ૨.૨ 'સાત પગલાં આકાશમાં '- ગુજરાતી નવલકથામાં મુખ્ય નારી છબીનો અભ્યાસ:

### ૨.૨.૧ વસુધા:

'સાત પગલાં આકાશમાં' નવલકથામાં મુખ્ય નારીપાત્ર વસુધા છે. યુવાનીમાં પ્રવેશતાં જ મા-બાપ દ્વારા તેનાં લગ્ન નક્કી કરાવી દેવાયા હતા. વ્યોમેશ અને ફૈબા આમ બે જણનાં નાનાં કુટુંબથી તેઓને સંતોષ થયો હતો. વધુ સભ્યોને નહીં સાંભળવા પડે તેવી ગણતરીથી વસુધાના વ્યોમેશ સાથે લગ્ન નક્કી કરાયા. પાડોશમાં રહેતા ભાઈની બહેનનો દીકરો આદિત્ય જ્યારે પણ રજામાં કે અમસ્તો ઘરે આવતો ત્યારે તેનાં પ્રાવસ અને મુસાફરી તેમજ પ્રાણીઓની વાતો સાંભળવામાં તેને ખૂબ મજા આવતી. મનોમન આદિત્યની મોકળાશથી આકર્ષાતી વસુધા વ્યોમેશ સાથે પરણી જાય છે. લગ્નની આગલી સાંજે તેનાં મનમાં આવતા વિચારો, આકાશ સાથે તેનું તાદામ્ય તેની સ્વતંત્રતા અને મંછાઓનું પ્રતીક છે.

નવલકથાની શરૂઆત 'આનંદગ્રામ'નાં 'ફૂલઘર'માં બેઠેલ વસુધાના આ પ્રશ્નથી થાય છેઃ "માણસ જે રીતે પોતે જીવવા માગે તે રીતે તે જીવી શકે ખરો? અને ખાસ કરુને સ્ત્રી?"(પૃષ્ઠ:૨) 'being true to one's own self'ના પ્રશ્નથી શરૂ થતી આ નવલકથામાં વસુધાનું મન આ પ્રશ્નથી ખિન્ન થઈ ઊઠ્યું છે. આનંદગ્રામમાં આવીને વસેલી વસુધા ગૃહત્યાગ કરીને આવી છે. જીવનના ઉત્તરાર્ધમાં વ્યોમેશના અન્ય સ્ત્રી સાથેના સંબંધની જાણ થતાં છૂટા પાડવા માટે પણ વ્યોમેશ વસુધા સામે આંગળી ચીંધે છે. આવો પતિ, ત્રણ પુત્રો અને ત્રણ પુત્રવધુઓને છોડીને આવેલી વસુધાને લગ્નના પાંત્રીસ વર્ષ પછી સ્વતંત્ર રીતે, પોતાની ઈચ્છા પ્રમાણે જીવવું છે.

પોતાના મા-બાપના પાંચ સંતાનોમાંની ત્રીજી દીકરી હોવાથી કોઈ પણ વિરોધ વિના તે વ્યોમેશ સાથે પરણવા તૈયાર છે. પરંતુ, લગ્નની આગલી સાંજે તે પ્રતિજ્ઞા લે છે : "આજે ભલે હું લગ્ન કરું, ઘર વસાવું, પણ દૂર-સુદૂરના કોઈક દિવસે હું મારી ઇચ્છા પ્રમાણે મારા લયમાં જીવીશ. હ પાડવી હોય તો હા પાડીશ. ના પાડવી હોય તો ના પાડીશ કોઈ દબાણ હેઠળ હું નહિ જીવું. હું મારું પોતાનું એક ગીત રચીશ અને હું પોતે ગાઈશ."(પૃષ્ઠ:૧૪) તેની આ પ્રતિજ્ઞામાં આવનાર સમસ્યાઓની આગાહી છે અને તેના ગૃહત્યાગની પણ! ડૉ.ભરત પરીખ તેની આ પ્રતિજ્ઞાને 'પૂર્વગ્રહયુક્ત માનસ'ની નિશાની તરીકે ઓળખાવે છેઃ "આવનારા દિવસોમાં વસુધા વ્યોમેશ સાથે પોતાની સાસરીમાં-પૂર્ણપણે અનુકૂલન સાધી શકવાની નથી તેની આગાહી આવતું આ વિધાન કે નિર્ણય તેના પૂર્વગ્રહયુક્ત માણસનો પરિચય કરાવી જાય છે."(પૃષ્ઠ:૧૪૯)૧ લગ્ન બાદ તુરંત જ સવારથી લઈને રાત સુધીના દરેક નાના-મોટાં કામો પર ફૈબાની ચોકી રહેતી. તેમના દરેક કામમાં વારેઘડીયે મળતા સૂચનોથી વસુધા કંટાડે છે. પણ તેનો આ કંટાળો આક્રોશ તરીકે ક્યારેય ફૈબા કે વ્યોમેશનો વિરોધ નથી કરતો. તે બધો આક્રોશ મનમાં ધરોબી નાખે છે અને સામે ન બોલવા માટે તે તેના ડરને કારણ તરીકે ગણાવે છે. કોઈ પણ પરિસ્થિતીના પરિવર્તન માટે પ્રયત્ન ન કરતી વસુધા બધુજ મનમાં સંઘરે છે, ત્યાં સુધી કે જે કહેવા માંગતી ૩૫ વર્ષ સુધી વ્યોમેશ અને ફૈબાની ઈચ્છા પ્રમાણે જીવે છે, પોતાની સખીઓને વ્યોમેશની નકારને કારણે મદદ પણ નથી કરી શકતી. આટલો ભીરૂ સ્વભાવ ધરાવતી વસુધા ગૃહત્યાગનો નિર્ણય પણ ત્યારે કરે છે, જ્યારે વ્યોમેશને તેનાથી છૂટા થવું હોય !

ગાતા-ગાતાં કામ કરવું, પુસ્તકો વાંચવા, પોતાની ઈચ્છા થાય ત્યારે બાગમાં કે ફરવા જવું . આગશીમાં બેસવું , છાપું વાંચવું, કોફીમાં મલાઈ નાખીને કોફી પીવી – આ બધી વસુધાની મનગમતી પ્રવૃત્તિઓ છે, જેની સામે ફૈબાને વાંધો છે, પણ તે આ પ્રવૃત્તિને ચાલુ રાખવા માટે ફૈબા સામે વિરોધ કે પ્રશ્ન નથી કરતી. એ પણ ત્યાં સુધી માટે કે પોતાની અતિબિમાર મા ની સુશ્રુષા માટે કે અંતિમ ક્ષણે વિદાય માટે પણ ફૈબા પડી ગયા હોવાથી તે નથી જઇ શકતી. પતિ બે શબ્દો પ્રેમના બોલે કે એકાદ કામમાં મદદ કરે તેવી અપેક્ષા ધરાવતી આ સ્ત્રી પતિને એક પણ વખત મદદ માટે

કહેવાની હિમ્મત નથી ધરાવતી. ફૈબા હોય કે વ્યોમેશ, પોતે જેવું વ્યવહાર-વર્તન અપેક્ષિત છે તે બસ મનમાં ગણગણ્યા કરે છે, તેની માટે તે પ્રયત્ન કરતી જણાતી નથી. ફૈબા અને વ્યોમેશને વસુધા પાસેથી જે અપેક્ષાઓ છે એ પ્રમાણે તે જીવતી જાય છે. આમ, આ કક્ષાએ નવલકથામાં વસુધાના વ્યવહાર-વર્તન અને વિચારો વચ્ચે વિરોધાભાસ રચાય છે.

શાક અમુક જ રીતે વઘારવું, પૈસાનો હિસાબ લખવો, વ્યોમેશનો આવવા-જવા અને જમવાનો સમય સાચવવો, વ્યોમેશને જ મનગમતી વાનગીઓ બનાવવી, સાદડીમાં જઇ આવવું, વ્યવહાર સાચવી લેવો વગેરે જેવી નાની-મોટી તમામ બાબતોમાં વ્યોમેશને કેન્દ્રમાં રાખી, આગ્રહો કરતી, સૂચનો આપતી ફૈબાથી વસુધા માત્ર ત્રાસ અનુભવે છે. સ્ત્રી હોવા છતાં સ્ત્રીને સમજી ન શકતી ફૈબા પ્રત્યે તેને ઘૃણા છે. વ્યોમેશ જેની ઘરમાં સત્તા છે, એવા પતિને વસુધા તેના આવવાના સમયે અગાશીમાં બેસે, બાળકોને કામ કરતાં-કરતાં-કરતાં ન સાચવે, ઘર ન સાંભાળે મિત્રોને મદદ કરવા પૈસા માંગે કે ઘરે લઈ આવે, પોતાના ઘરેણાંનો પોતાને ગમે તેમ વ્યવહાર કરે – તે બધાથી વાંધો છે. પત્નીને સમાજે નક્કી કરેલા ચોકઠા પ્રમાણે જ વર્તન કરાવવું છે. ઘર સંભાળનારી, પોતાને સંભાળનારી, શારીરિક તૃપ્તિ આપનારી અને સંતાનોને જન્મ આપનારી સ્ત્રી તરીકે જ તે વસુધાને જુએ છે. લગ્નની શરૂઆતમાં પ્રેમ અને ચાહના લાગતી લાગણીઓ એ પતિની વાસના માત્ર છે તે વસુધાને પાછળથી ખબર પડે છે. અંતે તેનાથી પણ તૃપ્ત થઈ જતાં વ્યોમેશ અન્ય સ્ત્રીના પ્રેમમાં પડે છે!

ગર્ભાવસ્થા તેમજ સંતાનોના જન્મ સમયે થતી પ્રસૂતિ પીડાની સામે પણ વસુધાને વાંધો છે. 'Law of diminishing returns'ની જેમ વસુધાને પણ હર્ષની જન્મ સમયની ખુશીની સામે દીપંકર-ત્રીજા પુત્રજન્મની ખુશી ઘટતી જાય છે. તેમ છતાં તે ત્રણ પુત્રો જણે છે એ નવાઈની વાત છે! વ્યોમેશને વસુધા પ્રત્યે કોઈ ખાસ લાગણી નથી તેનો પુરાવો ત્રીજા પુત્રના જન્મ સમયની સંકુલતામાંથી બહાર આવેલી વસુધાને કહેવાતા આ વિધાન માં છે : “તને કાંઈ થયું હોત તો મારું શું થાત? ત્રણ છોકરાઓને હું કેમ કરી સંભાળત?” (પૃષ્ઠ:૫૯) 'પુત્રો ન હોત તો વસુધાના જીવનની વ્યોમેશને મન કંઈ કીમત નહી?' આમ વિચારી વસુધા વ્યોમેશને કોઈ ઉત્તર વાળી નથી

શકતી. વિચારોની આવી વણઝારણે કારણે અને પોતે મનમાં છે તે અપ્રસ્તુત રહેવાને કારણે જ તેને જ્ઞાનતંતુનો થાક લાગે છે. હવાફેર કરવા માથેરાન જવાનો પ્લાન પણ બંધ રહે છે. આ બધા જ પ્રસંગોમાં વ્યોમેશની પુરુષસત્તાક જડતા છે અને વસુધાની અપ્રસ્તુત અપેક્ષાઓ!

પોતાની પાડોશમાં રહેતી રંજના, શોભા,લલિતા, નલિની, લીના, વાસંતી અને ઈલા જેવી સ્ત્રી- છોકરીઓ સાથે તથા અન્યાય અને શોષણથી વસુધાનું મન ખિન્ન થાય છે. પરંતુ, વ્યોમેશ અને ફૈબા જેવા પુરુષસત્તાક માનસ ધરાવતા પાત્રોના ડરથી તે વિશેષ કંઇ કરી શકતી નથી. સુમિત્રા-બાગમાં મળેલી છોકરીને ભાગી ગઈ હોવાથી ઘરે આવતા જ તેને 'વાનગી શીખવા માટે બોલાવી છે'એવું જુઠ્ઠાણું બોલવું પડે છે. દિપકની વાસનાનો ભોગ બનતી કામવાળી બાઈ વિશે પણ તે રંજનાને કહી શકતી નથી. રંજનાની દીકરી આશા માટે પણ તે રંજનાને ૫૦૦ રૂપિયા જેટલી રકમ વ્યોમેશ પાસે માંગતા વ્યોમેશ અકળાય છે. 'સોનું વેચીને પણ મદદ કરીશ' તેવો મનોમન સંકલ્પ કરતી વસુધા આશાની આત્મહત્યાની જાણ થતા વ્યોમેશ જેવા તેમજ દીપક જેવા પુરુષોને મનોમન ગુનેગાર ગણાવે છે. "વસુધાના ઘરે આવેલી સુમિત્રા ફૈબા સાથે અનુકૂલન સાધી શકતી હોય તો, વસુધા કેમ નહીં?"૨ ડૉ.ભરત પરીખનો આવો સહજ ઉઠતો પ્રશ્ન અહીં સ્વાભાવિક બને છે. જે તેના આત્મપીડનનું કારણ છે.

વ્યોમેશના વિચારો પુરુષસત્તાક સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. ઘરમાં રહેતી સ્ત્રીઓ ઘરમાં 'બેઠી-બેઠી' ખાય છે, તેને તેનું વેતન ન મળતું હોવા છતાં આ રીતે તેમના કામના ઢસરડાને નિમ્ન કક્ષાના કામનો દરજ્જો આપી નગણ્ય ગણવામાં આવે છે. જ્યારે ઓફિસની સાથે સાથે ઘર સંભાળતી સ્ત્રીઓને પણ પતિ કે સમાજ દ્વારા ઘરનાં કામ વિશેનો ઠંડો પ્રતિભાવ આ નવલકથામાં સમાવિષ્ટ થયો છે. જુઓ વ્યોમેશ નું આ વિધાન : "તમારે બૈરાને ઠીક, ઘરમાં બેઠાં બેઠાં ખાવું છે અને પછી આવા ઉધામા કરવા છે." (પૃષ્ઠ:૧૧૫) તેના સામે વસુધાનો વિચાર આ વિધાન દ્વારા

તાદૃશ થાય છે : "સ્ત્રીને લોકો અબળા કહે છે, પણ એને માથે કામ તો એટલું નાખે છે જાણે એ બળ નો ભંડાર હોય." (પૃષ્ઠઃ૧૨૦)

વાસંતી અને લલિતાના અનુભવો સાંભળી તે મનોમન નક્કી તો કરે છે કે, તે વાસંતી અને લલિતાને સાથ આપશે. પરંતુ, તે પોતાની મા માંદી છે એવો ભાઈ નો તાર આવતા, સાથે સાથે ફૈબા પડી જતાં તે પોતાની મા પાસે પિયર જવા, પોતાને મદદ કરી શકતી નથીઃ "ફૈબા પાસે કોઈના રહેવાની સગવડ કરી બે દિવસ પછી તે ગામ ગઈ ત્યારે માની ચિતાને ઠરી ગયાને ચાર કલાક થઈ ગયા હતા."(પૃષ્ઠઃ૧૫૩) સુમિત્રાના વિચારો પ્રમાણે વસુધાને પતિ તથા સાસુ સમા ફૈબાથી ડર છે. એ ડર શેનો છે તેના વિશે આગળ વિચારતા તેને ખ્યાલ આવે છે કે 'આશ્રય વિહોણા થઈ જવાનો ડર' છે. સાસરીના ઘરને પોતાનું ઘર સમજી ત્યાગ, સેવા, સમર્પણ જેવા ગુણોથી વહુ થઈને રહેતી સ્ત્રી સામે જ્યારે પુરુષને વાંધો આવે તો "ચાલી જા બાપ ને ઘરે, મારે તારું કામ નથી."(પૃષ્ઠઃ૧૬૬) કહેતો પુરુષ સ્ત્રી પાસેથી તેનો આશ્રય છીનવી લે છે. બાપના ઘરેથી વિદાય થાય ત્યારબાદ તે ઘર પ્રત્યેનો હક પણ સ્ત્રી ગુમાવે છે. આમ, વિરોધ કે વિદ્રોહ સામે સૌથી મોટો પ્રશ્ન ઘરવિહોણું થવાનો છે. ભારતીય અને મહદંશે ગુજરાતી સમાજનું પ્રતિનિધિત્વ કરતી આ નવલકથામાં આ પ્રશ્ન વિશે વિચારાયું છે.

વસુધા અને વ્યોમેશના સંતાનો મોટા થતાં ફૈબાને ગામડે એકલા રહેવા મોકલાય છે, વ્યોમેશ મા સમાન ઉછેર કરનાર ફૈબાને કાગળ સુદ્ધા લખતો નથી, તેને મન ફૈબાના આટ-આટલા ત્યાગ અને કાળજી પછી પણ વિશેષ લાગણી નથી. એ પણ ત્યાં સુધી કે ફૈબાના અવસાનના સમાચાર આવવા છતાં તે ઘરમાં મિત્રો સાથેની પાર્ટી ચાલુ રાખે છે. અને ત્યારબાદ પાર્ટી પૂરી થતાં અવસાનની જાણ વસુધાને કરે છે. આ માટે તે મિત્રોની કાળજી રાખવા માટે તેમણે દુઃખ કે ખલેલ ન પહોંચે તે માટે પાર્ટી ચાલુ રાખી હોવાનું જણાવે છે. ફૈબા પણ જીવતા હતા ત્યારે સાદડીના શોકની અને મોહનથાળની વાત એક જ લીટીમાં કરે તેવા બેવડા ધોરણોથી વસુધાને દુઃખ પહોંચે છે. દુઃખ

ન થયું હોવા છતા 'દેખાડા'ને મહત્વ આપનાર લોકો સામે વસુધાને વાંધો છે. અંતમાં તે ફૈબાની સાદડીની તારીખ બદલાવવા કે બ્રાહ્મણોને ન જમાડવા માટેના પ્રયત્નો કરે છે પણ વ્યોમેષનાં આકરા સ્વભાવ સામે તે આમ કરવામાં સફળ થતી નથી.

પુત્રોના લગ્ન અને ફૈબાના મૃત્યુ બાદ વસુધા જ્યારે સ્વતંત્ર રીતે જીવવા વિચારે છે ત્યારે વ્યોમેશથી અલગ એવા સ્ટોરરૂમને પોતાના ખંડમાં પરિવર્તિત કરે છે. પુત્રવધૂ કમળની બહેનની દીકરી સલીના પ્રત્યે વસુધાને પ્રેમ છે. બંધનોથી મુક્ત થવા માંગતી વસુધાને પોતાના ઘરેણાં પર પણ હક નથી. નિવૃત્ત થવા ઇચ્છતી વસુધાનો પુત્ર અશેષ પણ માને છે કે મા એ ક્યાં કોઈ પ્રવૃત્તિ જ કરી છે તે નિવૃત્તિ લે. આમ, પુત્રમાં પણ પતિના વિચારોનો અંશ જોવા મળે છે. તે 'પ્રવાસી' દૈનિક બંધાવે તેમાં પણ વ્યોમેશને વાંધો છે. અહીં વાંધો એ પૈસાનો નથી પણ સત્તા ગુમાવી દેવાનાં ડરનો છે.

વસુધા મામાના દીકરા વિનોદને ત્યાં સલીના સાથે જાય છે ત્યારે સલીના પૂછે છે : "તમારી અને પપ્પા વચ્ચે પ્રેમ છે? તમારી પ્રેમની કલ્પના એમના સબંધમાં પૂરેપૂરી, ઠીક પૂરેપૂરી નહિ તો ઘણીખરી, સાકાર થઈ છે?"(પૃષ્ઠઃ૩૪૦) આ પ્રશ્નથી વસુધાના મનમાં વિચારો ઉઠે છે તે વ્યોમેશની વધુ નિકટ જવા માટે ફરીથી વિચારે છે પરંતુ, "હું તારી સાથે રહી શકું તેમ નથી."(પૃષ્ઠઃ૩૪૩) વ્યોમેશ દ્વારા આ કહેવાતાં તેને આઘાત લાગે છે. ત્યારબાદ ગહન વિચારો બાદ તે સ્વસ્થ બને છે અને ગૃહત્યાગનો નિર્ણય કરે છે. સ્નાન વખતે ઘરેણાં સહિત મંગલસૂત્ર ઊતરતાં ભાર હલકો લાગે છે તે લગ્નબંધનમાંથી મુક્ત થવાનું સૂચક છે.

આનંદગ્રામમાં સુમિત્રા ઉર્ફે મિત્રાનું પુર્નમિલન થતાં તેને ઘણો આનંદ અનુભવે છે. આદિત્યના પુર્નમિલન સમયે પણ આ જ પ્રકારનો આનંદ અનુભવે છે. જરૂલ અને જયાબહેન વચ્ચેનું જીવન જયાબહેનની મા તરીકે ચાકરી, ઋતુ અનુસાર પહેરવેશ, રસોઈ અને અન્ય કામના ઢસરડાનો વિરામ, પ્રકૃતિ સાથે સાનિધ્ય વગેરે પ્રવૃત્તિઓ આનંદગ્રામમાં તેની સ્વતંત્ર જીવન પ્રત્યેની

ચાહના પૂરી કરે છે.રત્નાના બળાત્કાર બાદ નીકળેલા મોરચાનું પ્રતિનિધિત્વ કરે છે ત્યારે વસુધાને સુમિત્રાનું વિધાન યાદ આવે છેઃ “આ હાથ મહેંદી મૂકવા માટે નથી, મશાલ પેટાવવા માટે છે.”(પૃષ્ઠઃ૭૯) છેવટે, નવલકથાના અંતે આદિત્ય સાથે તે હિમાલય જવા નીકળે છે તે પહેલાં જીવનનો હેતુ ‘સાચા થવાનો અધિકાર’ કે ‘સાચી સ્ત્રી/વ્યક્તિ હોવાનો અધિકાર’ સિદ્ધ થાય છે. તે જ તેની નિયતિ છે તેવું સ્વીકારે છે. જોકે, ‘સાચી સ્ત્રી’ વિશેની કોઈ વિભાવના નવલકથામાંથી ફલિત થતી નથી. મોરચા સમયે ઘાયલ થતાં ‘પોતાની’ ઈચ્છા પ્રમાણે કરવા જતાં “શો સાર કાઢ્યો? સરખી રીતે ઘરમાં રહ્યો હોત, તો માથું કૂટવાનો વારો ન આવત ને?” (પૃષ્ઠઃ૪૦૨) આવું બોલતો વ્યોમેશ ઘર છોડવા માટે પણ વસુધા પર દોષારોપણ કરે છે.બીજા લગ્નનું નક્કી હોવા છતાં !

આમ, આ નવલકથામાં વસુધાનું પાત્ર એક પતિ અને સાસુ સમાન ફૈબાથી ભીરુ ગૃહિણીનું છે. ઘરનાં કામકાજ અને સમાજનાં જડ રીતિ* રિવાજોથી પર રહીને વિચારી શકતી સ્ત્રી છે. પરંતુ, ઘરવિહોણા થવાનો અને વ્યોમેશ કે ફૈબાને ગુસ્સે કરવાના ડરથી તે તેની રોજ-બરોજની ક્રિયાઓમાં (In Action) તેના વિચારો પ્રમાણે કરી શકતી નથી. તે પોતાનો સ્વતંત્ર ઓરડો કરવાનો નિર્ણય કરે છે. ત્યાં સુધી નવલકથામાં કોઈ પ્રસંગે તેને વિશિષ્ટ પરીવર્તન કરવાનો પ્રયાસ કર્યો હોય તેવું જણાતું નથી. વિચારો (Thoughts) થી સક્રિય રહેતું પાત્ર ક્રિયા (Action)માં નિષ્ક્રિય છે. અલબત્ત. તેના જીવનનો ઉતરાર્ધ વિકાસશીલદિશામાં છે એવું જણાય છે.

ડો.હસમુખ દોશી, બાબુ દાવલપુરા અને ડૉ. ઉર્વશી મનુપ્રસાદ પંડયા જેવા વિવેચકો વસુધાના ગૃહત્યાગને પલાયનવાદ (Escapism)ગણાવે છે.

ડૉ. <u>હસમુખ દોશીઃ</u>

“આનંદ ગ્રામ કે હિમાલય આપણો સંસાર નથી, જે પ્રકારનો સમાજ લેખિકા આનંદગ્રામ દ્વારા કલ્પે છે એ એક પ્રકારનું escape-પલાયન છે.”૩

<u>બાબુ દાવલપુરાઃ</u>

"સમસ્યાનું વિશદ વિશ્લેષણ કરીને વાસ્તવલક્ષી અભિગમપૂર્વક તેમના હાર્દ સુધી પહોંચવાનો ઉપક્રમ કરવાને બદલે રંગદર્શી અભિગમ અપનાવીને આવા એકાદ-બે 'આનંદગ્રામ' ઊભા કરી દેવાથી આવી અતિ સંકુલ સમસ્યાઓ ઉકલી શકે કે કેમ એ એક ચિંત્ય મુદ્દો છે." ૪

ડૉ. ઉર્વશી મનુપ્રસાદ પંડયા

"પતિ-પત્ની બેઉ વ્યાવસાયિક હોય તેમના કાર્યક્ષેત્ર જુદા હોય ત્યારે વિચારો નિર્ણયો ગમા-અણગમા સંદર્ભે તાત્ત્વિક મતભેદ હોવાના જ. સ્ત્રી-પુરુષ જ નહીં જ્યાં અન્ય વ્યક્તિ(other being) આવે ત્યાં આમ બનવું સ્વાભાવિક છે, પણ એથી સમાધાન ન કરતા પરિસ્થિતિ અને અન્ય સભ્યોને અનુકૂળ થવાની જહેમત ન ઉઠાવતાં પોતાના ગમા-અણગમા મુજબ જીવવા સંસારની સમસ્યાઓથી હારી ભાગી જઈ કોક સ્થાને એકાંતવાસે પછી એવી ત્રાસતી કંટાળતી અને હારતી અનેક નારીઓના સહવાસે 'ખરો' આનંદ ખોજે તેમાં ઔચિત્ય,ગાંભીર્ય, સૌજન્ય કે ગરિમા કશું જ નથી. આ નર્યો પલાયનવાદ છે." ૫

પરંતુ, અહીં લેખિકાએ ગૃહત્યાગ ને 'પલાયનવાદ' થતાં રોકવા માટે બે પ્રયત્નો કર્યા છે (૧) તેમને વ્યોમેશના મુખેથી બોલાવ્યું છે કે : "હું તારી સાથે રહી શકું તેમ નથી." (પૃષ્ઠઃ૩૪૩) અને (૨) દીપંકર પાસેથી જાણ થવી કે તેમના બીજા લગ્નનું નક્કી છે આ બંને પરિસ્થિતિને કારણે વસુધાનો ગૃહત્યાગ વ્યાજબી બને છે. જ્યારે 'આનંદગ્રામ'ની રચના એ વાસ્તવિક પરિસ્થિતિ જોઈએ તો આ સમસ્યાનું નિરાકરણ નથી. દસ્તાવેજીકરણ ને કારણે 'આનંદગ્રામ' એ નિરાકરણ નહીં પણ ઘરો કે કુટુંબો ભાંગીને કહેવાતા સમાજથી દૂર એકાંતવાસ છે.

ઘણી ચર્ચાઓનો ભોગ બનેલી આ નારી કેન્દ્રી નવલકથામાં આંતરિક વિરોધાભાસ અને બાબુ દાવલપુરા નોંધે છે તેમ 'કાકતાલીય ન્યાય' ને કારણે લોકપ્રિય હોવા છતાં થોડી નબળી પડે છે. નારીની સમસ્યાઓને રજૂ કરવામાં આ નવલકથા પ્રસ્તુત છે.

## ૨.૩ 'સાત પગલાં આકાશમાં'- ગુજરાતી નવલકથામાં ગૌણ નારી છબીનો અભ્યાસઃ

આ નવલકથામાં ઘણાં બધા ગૌણ નારી પાત્રો છે. જેની નાની-નાની કથાઓને નવલકથામાં સંકલિત કરવામાં આવી છે. જેમાં રંજના, શોભા, લલિતા, નલિની, આશા, લીના, વાસંતી, ઈશા, એના, બેલા, આભા, અમલા, વન્યા, અનિતા, ક્લારા, મલ્લિકા, નીલિમા, સુનીલા, સુમિત્રા, કમલ, સુનીલા, જયાબહેન અને ફૈબાનો સમાવેશ થાય છે, દરેક પાત્ર એક અલગ અલગ સમસ્યા સાથે સંકળાયેલું છે આ દરેક પાત્રો દ્વારા લેખિકા સ્ત્રી સાથે થતાં અન્યાય, સામાજિક જડતા અને તે સામેનો પ્રસ્તુત-અપ્રસ્તુત વિદ્રોહ રજુ કરવા માંગે છે.

રંજના-દીપક, લીના-મહેન્દ્ર, શોભા-અનિલ, લલિતા-સુધીર, નલિની-શ્યામ, વાસંતી-સતીશ આ દંપતીઓ વસુધા અને વ્યોમેશની પડોશમાં રહે છે. રંજનાને એક દીકરો અને દીકરી નિખિલા છે, દીકરીને ડોક્ટર બનવાનું સ્વપ્ન હોવા છતાં પતિ દીપકની છોકરી પાછળ વધુ ખર્ચો ન કરવાની વિચારસરણીથી તેનું મન દુભાય છે. દીપક લંપટ છે. વાસનાગ્રસ્ત હોવાથી તે કામવાળી લક્ષ્મીને સાથે પણ સંબંધ ધરાવે છે તથા ચોરી-છૂપીથી પૈસા આપે છે આવા આડ સંબંધોનું ફળ તેની દીકરીને મળે છે રંજના પૈસા ન હોવાથી આશાને બેનની ઘરે મોકલી શકતી નથી. આશાની આત્મહત્યાને 'ભગવાનની મરજી' ગણાવતાં લોકો સામે વસુધાને ઘૃણા થાય છે તે આત્મહત્યાને અહંકાર, અધિકાર, નિષ્ઠુર વાસના, રૂઢિચુસ્ત માન્યતાઓ વડે થયેલ ખૂન તરીકે ગણાવે છે. રંજના દીપક વિશે જાણતી હોવા છતાં એ વિશે કંઈ કરી શકતી નથી તેના બાળકો પ્રત્યેની કાળજી તેને આમ કરતાં રોકે છે.

લીનાની સમસ્યા જુદી છે. ઘરે આવેલા મહેમાનોને તે કામનાં ઢસરડા હોવા છતાં નાનું અમથું કામ પણ ચીંધી શકતી નથી. તેને મહેમાનો લીનાની વિનયશીલતા ખપાવે છે. જ્યારે પોતાની

મામાની દીકરી ઉર્મિલા, તેના પરિવાર સહિત હોવા છતાં સાસુ ને ન ગમવાની શક્યતાને કારણે જમાડી શકતી નથી ભારતીય સમાજમાં પિયર પક્ષના સભ્યો સાથે સંબંધ રાખવાનું ન ગમાડતાં સાસરીપક્ષ અને પતિ વિશેનું આ ઉદાહરણ છે. શોભાની સમસ્યા શોકના દેખાડા અને પત્ની પર સમાજે નાખેલા રીતિ રિવાજોના ભારની છે. અનિલની માસી મરી જતાં શોભાને શોક પાડવા માટે સફેદ સાડી પહેરીને ફરવું પડે પરંતુ અનિલને આવા કોઈ બંધનો પુરુષ હોવાને કારણે લાગુ પડતા નથી.

નલિની ઓફિસમાં કામ કરતી સ્ત્રી છે. નોકરીની સાથે સાથે ઘરનું બધું જ કામ તેના ભાગે આવે છે. શ્યામનો ભત્રીજો કિશોરએ લોકોને ત્યાં રહી ભણવા આવે છે એ પણ નાના-મોટા કામમાં મદદરૂપ થતો નથી. બમણા કામથી થાકી જતી નલિનીને શ્યામ મદદરૂપ થવા કરે છે અને માત્ર જમીને થાળી ચોકડીમાં મૂકી આવવાને તે મદદ ગણે છે. લલિતા સંસ્કૃત કાવ્યોમાં ઘણો રસ ધરાવે છે. એમ.એ થયેલી લલિતા સુધીરને લગ્ન પહેલાંના પ્રેમસંબંધની વાત જણાવી દે છે તે માત્રથી સુધીર તેના ઉપર ઓફિસમાં હોવા છતાં ગમે તેને મોકલીને પણ ચાંપતી નજર રાખે છે. અન્ય યુવતી સાથે હાથમાં હાથ પરોવીને દરિયાકિનારે ફરતો સુધીર લલિતાને શારિરીક ઈજા પહોંચાડે છે. ઘડી-ઘડી કાન આમળવાથી બહેરા થઈ જવાનો ડર ધરાવતી લલિતા પુસ્તકની પેટી બંધ કરીને માળીયે ચડાવી દે છે. શારિરીક ઈજા(Domestic Violence)ને પણ ચૂપચાપ સહન કરતી ઘરના બધા કામ કરતી સ્ત્રીને આખરે તો સુધીર અન્ય યુવતીના સંબંધમાં હોવા છતાં કોઈ પણ કારણ વિના જેલ જવા નજર બંધનમાં રાખે છે ચારિત્રની સીમાઓ આ સમાજમાં સ્ત્રી માટે કેટલી જડબેસલાક છે. તેનો આ નમૂનો છે.

વાસંતી અને સતીશ જે વસ્તુ જેની નજરમાં અતિ સુખી દંપતિઓ છે, તેવા પ્રેમલગ્ન કરેલા દંપતિના લગ્નજીવનની શરૂઆત તો ખૂબ સુખી છે. શાસ્ત્રીય સંગીતમાં પારંગત થવા ઈચ્છતી વાસંતીને સતીશ ગળે ન ઉતરે તેવા મનામણાં દ્વારા સંગીત શીખતા રોકે છેઃ "પછી તું સંગીતની દુનિયામાં એવી ખોવાઈ જાય કે ઘર ઘરને ઠેકાણે રહે, અને હું દીવો લઈને શોધવા નીકળું તોયે તું ન મળે. આપણે એવું નથી કરવું." (પૃષ્ઠઃ૧૩૦) કલામાં સમાન સ્તરે નિપુણ હોવા છતાં વાસંતીને સ્ત્રી

હોવાથી બંધાઈ રહેવું પડે છે. લગ્નની તિથિ પણ ભૂલી જઈને સતીશ પત્રકાર બેઠકમાં જતો રહે છે. સુગીતિ બેનરજી, જે નવોદિત ગાયિકા તરફ સતીશ ઢળતો જાય છે. વાસંતીને બ્રેસ્ટ કેન્સર થતાં ઓપરેશનનો દિવસ અને સતીશના સમારંભનો દિવસ એક હોવા છતાં તે તારીખ નથી બદલાવતો. હોસ્પિટલમાં આવીને પણ તે ઠંડો ભાવ આપીને તબિયત વિશે પૂછે છે જ્યારે સુગીતિ તો સમારંભની વાતો કરે છે. છેવટે આ બધાથી થાકીને તે સતીશ ને સીધો સવાલ કરે છે- “સુગીતિ બહુ ગમે છે, સતીશ?”(પૃષ્ઠ:૨૭૫) સમાન કલાપ્રેમી અને કલા નિપુણ હોવા છતાં પત્નીને ઘરમાં ગોંધી રાખીને ત્યારબાદ તેના પ્રત્યેનું આકર્ષણ ઓછું થતા પતિ અન્ય સ્ત્રી પ્રત્યે ઝોંક ધરાવે છે. આનાથી મોટો અન્યાય શું હોઈ શકે તે વિચારવાની વાત છે.

સુમિત્રાએ એક નોખું નારી પાત્ર છે. ભાઈઓને કામ ન ચીંધતી મા સામે બળવારૂપે પોતે પણ મદદ ન કરનારી સુમિત્રાનો વિદ્રોહ પ્રબળ (intense) છે. દહેજની વાત ન સ્વીકારતી સુમિત્રા વસુધાના ઘરે રાત્રે ભાગીને આવી જાય છે. ત્યાંથી પાછી જઈ યોજના વડે દહેજ માંગનાર છોકરો અને તેના પરિવારજનોને જાહેર સમાજની વચ્ચે સજા અપાવતાં પણ તે ખચકાતી નથી. લગ્નનું કાવતરું ઘડી છોકરા અને તેના પરિવારજનોને ખુલ્લા પાડવામાં તેને ડર નથી લાગતો. આમ, સુમિત્રાનો વિદ્રોહ ખુલ્લો અને પ્રબળ છે તેમ છતાં અનિમેષ નામના પુરુષ પાત્રની ‘બાયોલોજિકલ ટ્રેજેડી’નો ભાગ તે બને છે. શારદા નામની પત્ની ગામડે ગામડે હોવા છતાં અનિમેષ સુમિત્રા સાથે લગ્નની વાત છૂપાવીને શારીરિક સંબંધ બાંધે છે. અંતે તેના બધાંજ જૂઠ્ઠાણા ખુલ્લા પડી જતા સુમિત્રા વધુ આક્રમિક બને છે. 'મિત્રા'ના નવા નામે તે આનંદગ્રામમાં આવીને વસે છે સ્ત્રી શોષણ અને ઘરેલુ હિંસા જેવા સમાજના દૂષણો સામે લડતી સંસ્થા સાથે તેનો સતત સંપર્ક છે. રત્નાના બળાત્કાર કેસના મોરચા વખતે તેનું ધારદાર ભાષણ અને સંસ્થાની ઓળખાણ ઘણી કામ લાગે છે અંતે તે જ મોરચામાં પોલીસના ડંડો વાગવાથી તેનું મૃત્યુ થાય છે. આમ વસુધાને બગીચામાં મળેલી ખુલ્લા વિચારો અને મુક્ત મન ધરાવતી યુવતી સતત સમાજ અને પુરુષ સત્તાનો ભોગ બની આખરે મૃત્યુ સુધી ધકેલાઈ જાય છે. તેમાં આખા જડબેસલાક તંત્ર અને પુરુષસત્તાક સમાજ હોવાથી પુરુષને અધમ કાર્ય કરવા માટેની ગોપનીય છૂટ તાદશ થાય છે.

લંડનની બીકલે સ્ટ્રીટ પર રહેતી એના કવિતાઓ લખતી. વિપુલ તેની કળાના વખાણ પણ કરતો તેમજ ખાસા એવા ઘર કામોમાં કામોમાં મદદ પણ કરતો. એનાની સાસુ જયાબહેન પણ નિવૃત્ત શિક્ષિકા હતા. મહદંશે ખુલ્લા વિચારો હોવા છતાં જાતિભેદ અનુસાર ભાગ પાડેલા કામોમાં તે માનતાં. એના પુત્ર અગ્નિવેશ અને પુત્રી આભાને સરખા રમકડા આપે અને ઘરકામ પણ કરાવે તે તેમને ખૂંચતું. અગ્નિવેશ રસોડાનું કે ઘરનું કામ કરે તો તેમને ન ગમતું હોવા છતાં એના તેમને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કરતી. વિપુલ સમજુ હોવા છતાં લગ્નના થોડા વર્ષો બાદ એનાના વિચારો કે ક્રિયાઓથી પૌરુષિક ઘમંડ (Male ego) ઘવાતો હોય તેમ વર્તતો. વાત વણસતી જ ગઈ અને આખરે તેની માન્યતાઓને કારણે ચા બનાવવાની નાની વાતે હૃદયરોગનો હુમલો આવતા તે મૃત્યુ પામ્યો.

જયાબહેન સાસુ હોવાથી ઘણાં બધા ગૃહીતો તેમના મનમાં પણ હતા જેથી તે પુત્રના મૃત્યુનો દોષ એના પર આરોપિત કરે છે. પતિના મૃત્યુનું દુઃખ હોવા છતાં કપાળે ચાંલ્લો કરતી એના જયાબહેનનું હૃદય દુભાવે છે. તેમ છતાં તે જયાબહેનને સમજાવવાનો પ્રયત્ન પણ કરે છે. શૃંગાર ચિન્હો વિશેની જડતા તેમના gender role વિશે તેમના દુરાગ્રહો તોડીને એના જયાબહેનને સ્ત્રી તરીકેની સ્વતંત્રતા વિશે જાગૃત કરે છે એ વિકાસશીલ તત્વ છે. એના, આભા, અગ્નિવેશ અને જયાબહેન સહ આનંદગ્રામમાં વસે છે. પશ્ચિમની સંસ્કૃતિ મોકળી હોવા છતાં ચાર્લી અને ક્લારા જેવાં પાત્રોનાં અન્ય પાત્ર સાથે જ શારીરિક તૃપ્તિ માટેના આડ સંબંધો, સૌંદર્ય ઉંમર વધવાની સાથે છીનવાઈ જવાનો ડર અને આશ્રયવિહોણાં થવાના ડરની સમસ્યા ત્યાં પણ જોવા મળે છે. તેથી તેઓ ભારત આવીને વસે છે આભા અને અગ્નિવેશના ઉછેર પાછળ પણ એનાની gender consciousness (જાતિ પ્રત્યેની સભાનતા) જવાબદાર છે.

એનાના અવલોકનના સંદર્ભે અમલા, વન્યા, અનીતા, વિમળાબહેન, માલતી, લેખક અને નોકર મગન વિશેના અનુભવોની ચર્ચા થઈ છે. અમલા બૌદ્ધિક યુવતી છે. અમિત સાથે લગ્નના બે દિવસ પહેલા અમિતની શારીરિક માંગણીને તે સ્વીકારી શકતી નથી આવી પરિસ્થિતિમાં બંને છૂટ્ટા પડે છે. અમિત વિશાખા સાથે લગ્ન કરે છે. તેનાથી વિરુદ્ધ વન્યા બંકિમની આજ રીતે કરાયેલ

શારિરીક માંગણીને સ્વીકારે છે. વન્યા તે સ્વીકારી પણ લે છે અંતે બંકિમના મા-બાપ વન્યા સાથેના લગ્નની વાત નથી સ્વીકારતા બંકિમ વન્યાથી અલગ થઈ અન્ય સ્ત્રીને પરણે છે. બંને પ્રસંગે પરિસ્થિતિ સમાન હોવા છતાં પસંદગી જુદી હોવાથી પણ કંઈ ફરક પડતો નથી સ્ત્રીને જ કોઈપણ પસંદગી છતાં અન્યાય સહન કરવાનો વારો આવે છે.

અનીતા અને આલોકે પ્રેમલગ્ન કર્યા છે. આલોક લગ્નના દસ વર્ષ બાદ બીજી સ્ત્રીના પ્રેમમાં પડે છે અનીતાના કોઈપણ વાંક વિના આલોકની 'મુસ્લિમ બનીને પરણી જઈશ' ધમકી આપતા અનીતાને છૂટાછેડા આપવા પડે છે. લેખિકાએ અહીં એક વિધાન ટાંક્યું છે : "A king can do no wrong."(પૃષ્ઠ:૧૮૯)

પત્ની મરી જતા પતિ 'નવી મા' લાવે છે બાળકોની કાળજીનું નામ અપાય છે, પતિ મરી જતા 'નવા બાપ'ની વિભાવના જ આપણા સમાજમાં ઓછી છે. 'ત્યકતા' શબ્દ વિશે પણ લેખિકા તેની સામેનો 'ત્યકત' શબ્દ પ્રયોગ નથી થતો તેની પર પ્રકાશ પાડે છે. વિમળાબહેનના દ્દષ્ટાંત દ્વારા આ પ્રસંગ નું આલેખન કરાયું છે. માલતી વિધવા હોવાથી તેની ધાર્મિક વિધિમાં ભાગ નથી લેવા દેતા પણ વિધુર પુરુષને આવું કઈ બંધન લાગુ નથી પડતું. નોકર મગન પણ બહારના ઘરોમાં કામકાજ કરતાં નથી શરમાતો પણ પોતાની પત્ની બીમાર હોવા છતાં તે ઘરમાં કામ નથી કરતો. આવા ઉદાહરણો દ્વારા લેખિકા સમાજમાં ચાલતી પુરુષસત્તાક સમાજની આદતો અને વર્તનનોને પ્રકાશમાં લાવે છે. (social practices )

એના રોબે નિમંત્રિત કરેલી પાર્ટીમાં જતા ક્લારા, જ્યૂડી, એવલિન, જોર્જ, કેરોલીન જેવા પાત્રોને મળે છે ત્યારે પાર્ટી માં સહુસંમતીથી વ્યાપ્ત થતી શરીરની ઘેલછા દ્વારા લેખિકાએ પશ્ચિમમાં ચાલતા વ્યવહારો અને આત્મવિસ્મૃતિના નશામાં ધુત સ્ત્રી-પુરુષોની પોકળતા રજૂ કરી છે. આ બધી સ્ત્રીઓએ સ્વનિર્ભરતાનો મુખવટો પહેર્યો છે સાચી સ્વનિર્ભરતાનો અર્થ પશ્ચિમમાં પણ નથી જોવા મળતો એ સૂચવાયું છે. ગ્રુપ સેક્સ જેવી મુક્ત સહચર પ્રવૃત્તિને પણ સ્વતંત્રતાનો ભાગ ગણવામાં આવે એ કેટલું વ્યાજબી ગણાય !

અલોપાની સમસ્યા સૌથી જુદી છે. સંતાન વિના અધૂરી ગણાતી સ્ત્રીને સંતાન જોઈતું જ ના હોય તો તેને સમાજ કયા ચોકઠામાં ગોઠવશે? પર્વતારોહી તરીકે વિલક્ષણ અનુભવ લેનારી અલોપાને સંતાન નથી જોઈતું. પર્વતારોહણ દરમિયાન જ મળેલા પ્રદીપ સાથે તેના લગ્ન બાદ આ પ્રશ્ન ઉભો થાય છે, બાળકને તે પર્વતારોહણ માટે સુસંગત નથી ગણતી. પ્રદીપથી અંતે તે છુટ્ટી થાય છે. અહીં પ્રશ્ન આ નારીપાત્રના સાચા કે ખોટા વિચારોનો નથી પરંતુ ભારતીય સમાજમાં જીવનારી આ સ્વતંત્ર સ્ત્રીએ લગ્નના બંધનમાં બંધાવા પહેલા સંતાન વિશેનો વિચાર કર્યો હશે કે તે વિશે લગ્ન પહેલા સ્પષ્ટતા કેમ ન કરી એ અસંગત લાગે છે (ઊ.દા. લગ્ન પછી પતિ કમાઈને ઘર ચલાવે એવી અપેક્ષા રખાતા આ સમાજમાં જો પતિ લગ્ન બાદ 'મારે નોકરી નથી કરવી' જેવો નિર્ણય લે તો સમાજ કોનો વાંક કાઢશે? પતિ કે પત્ની નો?)

ઈશા અને તેનો પતિ સ્વરૂપ 'આદર્શ' દંપતી માટેના લક્ષણો ધરાવતા દંપતિ તરીકે નવલકથામાં આવે છે. સ્વરૂપ કૃષિ વૈજ્ઞાનિક છે. નિશાના દરેક કાર્યમાં તે સાથ આપે છે. ઘરના કામમાં પણ મદદ કરનાર સ્વરુપ કોઈ પણ સ્વાર્થ વિના સંવાદિતા સાથે એકબીજા સંગ રહે છે.

સલીના વસુધાની પુત્રવધુ કમલની બહેનની દીકરી છે. નાની વયે જ મા મૃત્યુ પામતા કમલને તેને પોતાની સાથે રાખવાની ઈચ્છા છે. વસુધાને તેના પ્રત્યે ખુબ સહાનુભૂતિ છે. તેની આ વિચાર તેને પણ આવે છે વસુધા વ્યોમેશના ઘરે રહેતી સલીના વસુધાની બિમાર અવસ્થામાં તેની દીકરીની જેમ સેવા-ચાકરી કરે છે. અઢાર વર્ષની સલીનાને જીવન, પ્રેમ, અન્યાય વગેરે વિષયોની સારી સમજ છે. કોલેજમાં તેની સાથે ભણતા કોલેજ વિનાના સમયમાં ગુપ્ત ક્રાંતિકારી કાર્યો કરતા કૃષ્ણન સાથે તેને પ્રેમ છે. વસુધા ઘર ત્યાગતા તે આનંદગ્રામમાં તેને મળવા જાય છે. આવી સૂઝ ધરાવતી સલીનાને વસુધા પોતાના બધામાંથી જે પણ પસંદ હોય એ ઘરેણા આપવા તૈયાર થાય છે. સલીના એ સુમિત્રા જેવું જ પાત્ર છે. અન્યાય સામે વિદ્રોહ કરનાર સલીના કૂવામાં પડવાથી મા મૃત્યુ પામી છે તે વાતને અકસ્માત નથી ગણતી તેથી જ તે પોતાના નામ પાછળ પિતાનું નામ લગાડવા તૈયાર નથી.

કમલ અને સુનીલા વસુધાની પુત્રવધૂઓ છે. કમલ સ્વભાવે સમજુ છે. સુનીલા નાટકમાં અભિનય કરે છે. બંને સાથે વસુધાને કોઈ વાંધા-વચન નથી. કમલ વસુધાએ આપેલ ઘરેણું લેતા ડરે છે. કારણ કે તે પણ સમજે છે કે તેના પર સસરાની સત્તા છે .અશેષ અને સુનીલા વિભક્ત કુટુંબ બની રહેવા માંગે છે જેમાં વસુધાની પૂર્ણ સંમતિ છે. તેમ છતાં તેઓ પિતા વ્યોમેશને વાત કરતા ડરે છે. આમ વ્યોમેશ નું વર્ચસ્વ ઘરમાં પત્ની પર જ નહિ, પુત્રો અને પુત્રવધુઓ પર પણ એટલું જ છે.

લીલા (આદિત્યની મૃત પત્ની), ટ્રેસી, શારદા, વિશાખા, જરૂલ, નિલીમા જેવા પાત્રો નવલકથામાં માત્ર નામ રૂપે આવે છે. જેમનો ખાસ કોઈ પાત્ર તરીકેનું યોગદાન નથી.

## ૨.૪ ઉપસંહાર:

આમ, આ નવલકથામાં મુખ્ય અને ગૌણ નારીપાત્રોની નારી છબી તપાસતાં ખ્યાલ આવે છે કે દરેક પાત્રને એક અલગ સમસ્યા છે. પાત્રો એટલા બધા છે કે જાણે પહેલા એક સમસ્યા લઈ તેને એક પાત્રનું નામ આપી તેમાં એ સમસ્યા રોપીને પડેલી આપદા કહેવાઈ હોય. પરંતુ, દસ્તાવેજીકરણના આ માળખાને કારણે કૃતિ સાહિત્યિકતા, સમસ્યાઓની સચોટ છણાવટની સંકલના ઘવાય છે. તેમ છતાં, એક બહોળા વર્ગ પર આ નવલકથાની અસર એટલે પડી છે કે કારણકે, વ્યાવસાયિક, ગૃહિણી, યુવાન પ્રૌઢ કે વૃદ્ધ, દરેક વર્ષની સ્ત્રીને લાગુ પડતી કે સહન કરવી પડતી શાકના વઘારની પસંદગીથી લઈને બળાત્કાર સુધીની નાની તથા મોટી દરેક સમસ્યાઓનું નિરૂપણ આ નવલકથામાં કરવામાં આવ્યું છે. તેથી જ કોઈને કોઈ માળખામાં ઢળેલી સ્ત્રીને 'આ મારી સમસ્યા છે.' એવું નવલકથામાં આવતી દરેક માળખાનું પ્રતિનિધિત્ત્વ કરતી કોઈ સ્ત્રી પાત્રની છબી દ્વારા થઈ આવે છે.

જોકે ૧૯૮૨ થી લઈને અત્યાર સુધીમાં સમાજ તથા અન્ય ક્ષેત્રે ઘણું પરિવર્તન આવ્યું છે. તેથી અત્યારના સમયમાં અપ્રસ્તુત લાગતી સમસ્યાઓ પણ નવલકથામાં જોવા મળે છે. સમય બદલાય છે તેમ-તેમ સ્ત્રીઓને લાગુ પડતી સમસ્યાઓ અને માળખાઓ પણ બદલાય છે. તે

સમયની સમસ્યાઓ અને સ્ત્રીને ઢાળતાં માળખાને સમજવામાં આ નવલકથા ઉપયોગી બને છે. વિદ્રોહ અને તેના માર્ગો લગ્ન ભંગાણ સુધી લઈ જતા આનંદગ્રામનો આદર્શ અજુગતો લાગે છે.

## ૨.૫ સંદર્ભ:


૧. સાત પગલાં આકાશમાં-વિદ્રોહના ઉન્માદમાં કલાત્મકતા ગુમાવતી કથા, ડૉ. ભરત પરીખ; સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા પુરસ્કૃત નવલકથા, સંપાદકઃ ગુણવંત વ્યાસ; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮; પૃ.૧૪૯

૨. એજન; પૃ.૧૫૦

૩. એજન; પૃ.૧૫૨

૪. સાત પગલાં આકાશમાં- સંકુલ નારીસમસ્યાઓનું રંગદર્શી નિરાકરણ, બાબુ દાવલપુરા, સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા પુરસ્કૃત નવલકથા, સંપાદકઃ ગુણવંત વ્યાસ; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮; પૃ.૧૫૮

૫. સાત પગલાં આકાશમાં, ઉર્વશી મનુપ્રસાદ પંડ્યા; નારીવાદ વિભાવના અને વિમર્શ, સંપાદકઃ ઉર્વશી મનુપ્રસાદ પંડયા; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮; પૃ.૫૫